ગાંધીનગર સમાચાર

# જાલી ચલણી નોટ ઘુસાડવાના રેકેટનો પર્દાફાશ થવાની સંભાવના

**રીક્ષામાં ગાંધીનગરથી ચિલોડા મુસાફરી કરનાર કોલેજીયન શખ્સને રીક્ષાચાલકે જાલી નોટના બંડલો સાથે પકડીને પોલીસને સોંપ્યો : મુંબઈ કનેક્શન ખુલ્યુ : મસમોટુ રેકેટ ખુલે તેવી શક્યતા : એસઓજીએ તપાસ શરૂ કરી : આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડ મંજુર**

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં જાલી ભારતીય ચલણી નોટ ઘુસાડવાનું મસમોટુ રેકેટ ચાલતુ હોવાની વાતને નકારી શકાય તેમ નથી. દરેક બેંકમાં બે-ત્રણ મહિને જાલી નોટો કોઈ થપાવી ગયાની ફરીયાદ ઉઠતી હોય છે. ગાંધીનગરમાં પણ આવા ગુનાઓ નોંધાવા પામ્યા છે. ત્યારે જાલી ચલણી નોટ ઘુસાડવાના રેકેટનો પર્દાફાશ થઈ શકે તેવી એક મોટી લીંક ગાંધીનગર પોલીસને મળી છે. રીક્ષા ડ્રાઈવરની સતર્કતાથી જાલી નોટના બંડલો સાથે પકડાયેલા એક કોલેજીયન યુવાન શખ્સને પોલીસે ૧૦૫ જાલી નોટ મળી આવી હતી. રીક્ષા ડ્રાઈવરે તેને પોલીસને સોંપતા ગાંધીનગર એસ.ઓ.જી.એ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. મુંબઈના નાલા સોપારા વિસ્તારથી રેકેટ ચાલતુ હોવાની મહત્વની કડી મળતા તે દિશામાં તપાસ શરૂ કરી છે. આરોપીના કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

ગાંધીનગર શહેરમાંથી ગઈકાલે એક કોલેજીયન જેવો દેખાતો ખભે બેગ લટકાવીને ચિલોડા જવા માટે રીક્ષામાં બેઠો. ઈડરના કમાલપુર વિસ્તારનો આ યુવાન રાહુલ સુરેશ પટેલ ચિલોડા પહોંચ્યો અને રીક્ષા ડ્રાઈવર અલ્પેશ રાવલને ભાડુ આપવા માટે રૂ. ૫૦નું બંડલ કાઢ્યું ને તેમાંથી એક કડકડતી નોટ કાઢીને આપી હતી. બાકીના રૂપિયા રીક્ષાચાલકે આપ્યા બાદ તેને નોટ જાલી હોવાની શંકા જતા બીજા રીક્ષા ડ્રાઈવરને બતાવી..! શંકા મજબુત થઈ એટલે રીક્ષા ડ્રાઈવર અલ્પેશ રાવલ રાહુલને શોધવા દોડ્યો..! હિંમતનગર તરફ જતી શટલીયા જીપમાં બેસી ગયેલો દેખાતા તેને જીપમાંથી બહાર નીકાળી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો. તેની બેગ તપાસતા અંદરથી રૂ. ૫૦ની અને રૂ. ૧૦૦ની જાલી નોટના બંડલ મળી આવતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. તેની પાસેથી રૂ. ૧૦૦ની ૯૩ નંગ અને રૂ. ૫૦ની ૧૨ નંગ જાલી નોટ મળતા પોલીસે જપ્ત કરીને સખત ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે. યુવાન આ ષડયંત્રનું પ્યાદુ હોવાની શંકા છે. આકાઓ મુંબઈથી આ નેટવર્ક ચલાવતા હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યુ છે.

રાહુલની ધરપકડ કરીને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. મુંબઈના નાલા સોપારા વિસ્તારના પ્રકાશ દુબે, ઈમરાન પઠાણ, માયરા ઈમરાન પઠાણ આ ત્રણના નામ ખુલતા ગાંધીનગર એસઓજીની ટીમ મુંબઈ રવાના થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

## આજે ૫/ડી પ્રાથમિક શાળામાં મેન્ટલી ચેલેન્જડ બાળકોની કૃતિઓનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં મેન્ટલી ચેલેન્જડ બાળકો માટે કામ કરતી સંસ્થા હેત ફાઉન્ડેશન દ્વારા ત્રિદિવસીય તાલીમ વર્ગનો પ્રારંભ તા. ૧૬ ઓગષ્ટના રોજ કરવામાં આવ્યો હતો. જેમાં મેન્ટલી ચેલેન્જડ બાળકોએ રાખી મેકીંગ, યોગા, રમત, આર્ટ એન્ડ ક્રાફટ અને ડાન્સ વગેરે પ્રવૃત્તિઓથી જે કૃતિઓ તૈયાર કરી હતી તેનું પ્રદર્શન તા. ૧૮ ઓગષ્ટના રોજ ૧૧ થી ૫ કલાકે સોરઠ કાઠીયાવાડી સમાજ કેળવણી મંડળ સંચાલિત પ્રાથમિક શાળા સે-૫/ડી ખાતે જાહેર જનતા માટે પ્રદર્શન યોજાશે.

આ સમગ્ર કાર્યનું સંચાલન મીરા ગઢવી, ડિમ્પલ પરમાર, વૈશાલી ગઢવી દ્વારા કરવામાં આવેલ છે. નગરજનોને આ પ્રદર્શનમાં ભાગ લઈ મેન્ટલી ચેલેન્જડ બાળકોને પ્રોત્સાહિત કરવા અનુરોધ કરેલ છે.



મહાનગરપાલિકા ભવન ખાતે સફાઈ કામદારોની અરજી સ્વીકારવાની આજની તારીખે સવારથી ૪ વાગ્યાથી લાંબી કતારો જોવા મળી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)





શ્રાવણિયો સોમવાર : ગાંધીનગરના સિંધુ ભવન ખાતે શિવ મંદિરમાં ભાવિકો વહેલી સવારથી જ દર્શનાર્થે ઉમટ્યા હતા. મંદિરમાં રંગોળી પૂરાઈ હતી અને ભગવાન શિવજીને ફૂલોથી શણગારાયા હતા. પવિત્ર શ્રાવણ માસના સોમવારે શ્રદ્ધાળુઓ જલાભિષેક કરવા સવારથી કતારમાં ઉભા રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર-અમદાવાદમાં સૌથી વધુ ૧૨૫૭ હોમ હર્બલ ગાર્ડનનો ઉછેર

ગાંધીનગર, તા. ૧૭

આરોગ્ય ઔષિધ તરીકે વિવિધ વનસ્પતિઓ સામાન્ય રોગો માટે અતિ ઉપયોગી છે. શરદી, કફ, કરમીયા, ઝાડાઉલ્ટી, સામાન્ય તાવ, પિત્ત, કોલેસ્ટ્રોલ જેવા રોગ નિવારણ માટે આડઅસર વિનાની ઉપયોગી ઔષધીય વનસ્પતિઓ લોકો ભૂલી છે. ઔષધીય વનસ્પતિઓ ઉત્તમ પરિણામ આપતી હોવાથી તેનો સરળ ઉપયોગ કરીને સ્વસ્થ રહી શકાય છે.

ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગરના -ોજેકટ ઓફિસર શ્રી આર.એમ. દેસાઈએ જણાવ્યું હતું કે, રાજયમાં હોમ હર્બલ ગાર્ડનની -વૃત્તિ વિકસે તે માટે સક્રિય -યાસો હાથ ધર્યા છે. બોર્ડ દ્વારા હર્બલ ગાર્ડનમાં સમાવેશ થાય તેવી અરડૂસી, તુલસી, ફૂદીના, લીલી ચા, હળદર, ભાંગરો/ ભૃંગરાજ, બ્રાહ્મી, શતાવરી, ડોડી, ગળો, પર્ણકૂટી, અશ્વગંધા, નગોડ, કુંવાર પાઠું, લીલી હરડે, બહેડા, આમળા, સરગવો જેવી ઔષધીય વનસ્પતિઓના ૯૦ હજાર જેટલા રોપાનું ઘર આંગણે વાવેતર કરી શકાય છે. અમદાવાદ ગાંધીનગર વિસ્તારમાં મહિલાઓ તથા સીનીયર સિટીઝન દ્વારા હોમ હર્બલ ગાર્ડન ઉછેરમાં વધારે રસ દાખવી છે.

ગાંધીનગર-અમદાવાદમાં કુલ ૧૨૫૭ જેટલા હોમ ગાર્ડનનો ઉછેર કરવામાં આવ્યા છે. રાજયમાં કુલ ૩૨૦૫ જેટલા હોમ હર્બલ ગાર્ડન ઉછેરવામાં આવ્યા છે. જેમાં પંચમહાલ ૨૦૦, વડોદરા ૫૦૦, મોડાસા ૨૦૦, ખેડા ૧૯૭, આણંદ ૧૦૦, કપડવંજ ૨૦૦, નડિયાદ ૨૦૦, ભાવનગર ૧૫૦ અને હિંમતનગર ૨૦૦ હોમ હર્બલ ગાર્ડનનો ઉછેર કરવામાં આવ્યા છે.

ઔષધિય વનસ્પતિ બોર્ડ દ્વારા રાજયના અન્ય જિલ્લાઓમાં તબક્કાવાર ઝુંબેશ રૂપે હોમ હર્બલ ગાર્ડન ઉછેરની -વૃત્તિને વેગ અપાશે. -ાથમિક સારવાર માટે ઘર આંગણે થતી ઔષધીય વનસ્પતિઓ ખુબ લાભદાયી નિવડે છે.

રાજયના ખેડૂતો પણ ઔષધીય વનસ્પતિના ઉછેર તરફ વળ્યાં છે, ત્યારે આવા ખેડુતોને -ોત્સાહિત કરવા તથા તેમના ઉત્પાદનના મૂલ્યવર્ધિત ભાવો મળી રહે તેમજ આવા ખેડૂતોની માહિતી એકઠી કરવા ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગરની વેબસાઈટ www.gmpb.gujarat.gov.in ઉપર માહિતી આપવા ખેડૂતોને અપીલ કરી છે.

# રીનોવેશન દરમિયાન રૂપાલમાં મકાન ધરાશયી

## દિવાલો નીચે દટાયેલા ત્રણ મજુરો પૈકી બે નીકળી ગયા : દટાયેલા એક મજુરને બહાર કાઢવાની કામગીરી ચાલુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક રૂપાલ ગામમાં એક જુના મકાનનું રીનોવેશન કામ ચાલી રહ્યુ હતુ તે દરમિયાન આજે સાંજે અચાનક મકાનની દિવાલો છત સાથે ધરાશયી થઈ જતાં મોટી હોનારત સર્જાઈ હતી. ત્રણ મજુરો દટાઈ જવા પામ્યા હતા. જે પૈકી બે બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા. જ્યારે એકને બહાર કાઢવા ફાયરબ્રિગેડ અને પોલીસ ત્રણ કલાકથી જહેમત ઉઠાવી રહ્યું છે પરંતુ સમાચાર લખાય છે ત્યાં સુધી દટાયેલા મજુરને શોધી શકાયો ન હતો.

રૂપાલ પંચાયત ઓફીસની બાજુમાં એક જુના મકાનના રીનોવેશનનું કામ ચાલી રહ્યું હતું દરમ્યાન મોડી સાંજે એકાએક મકાન ધરાશયી થઈ જતાં તેમાં કામ કરી રહેલા ત્રણ મજુરો દટાઈ ગયા હતા. બે મજુરો તો થોડી મીનીટોમાં જ બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા પરંતુ એકનો કોઈ જ પત્તો લાગતો ન હતો. તે મજુર દટાઈ ગયો હોવાની શક્યતાને પગલે ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે બચાવ કામગીરી અર્થે દિવાલો ખસેડી મજુરની શોધખોળ પ્રક્રિયા શરૂ કરી હતી. ગ્રામજનોના ટોળેટોળા ભેગા થઈ જતાં પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમે ત્રણ કલાકથી શોધખોળ કામગીરી કરી રહ્યા છે પરંતુ હજુ તે મજુર મળી આવ્યો નથી. તો બીજી તરફ ગભરાઈ ગયેલા અન્ય મજુરો પણ ભાગી જતાં દટાયેલો મજુર કોણ છે ? તે બાબત બહાર આવી શકી નથી.



અંબાજી હત્યા પ્રકરણે બનાસકાંઠા એલ.સી.બી. પોલીસે બે આરોપીઓને પકડી પાડી સમગ્ર હત્યાનો ભેદ ઉકેલ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## સમસ્ત બ્રહ્મ સમાજ....

● ત્રીજા પાનાનું ચાલુ

બ્રહ્મસમાજની પેટાજ્ઞાતિઓ સાથે તા. ૧૮ ઓગષ્ટના રોજ યોજાનારી બેઠકમાં યોગ્ય ચર્ચા-વિચારણા કરી આગળ સમિતિ સમક્ષ રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સમાજની વિવિધ પડતર માંગણીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરાયા બાદ સમાજના હોદેદારો સમિતિ સમક્ષ પોતાની લાગણી અને માંગણી રજૂ કરશે. આ તબક્કે ગુજરાત બ્રહ્મસમાજના ઉપપ્રમુખ ભરત રાવલ તેમજ અશ્વિન ત્રિવેદીએ પણ સમિતિ કક્ષાએ આગામી તા. ૧૯ ઓગષ્ટ બાદ સમય આપવામાં આવે તેવી રજૂઆત કરી છે.

## પોલીસે બચાવી...

● ત્રીજા પાનાનું ચાલુ

હતાં. કેનાલ પાસે એક સગીર વયની કિશોરી જઈ રહી હતી અને આપઘાત કરવાની તૈયારીમાં હતી. પોલીસનું ધ્યાન જતાં તુરંત જ ટીમ કિશોરી તરફ દોડી અને કિશોરીને આપઘાત કરતા બચાવી લઈ પોલીસ સ્ટેશન લાવ્યા બાદ તેણીનું યોગ્ય કાઉન્સેલીંગ કરવામાં આવ્યું હતું. પ્રેમથી સમજાવીને તેના માતા પિતા વિશે જાણકારી મેળવી કિશોરીને વાલી સુધી પહોંચાડવામાં આવી હતી. બાળલગ્નનો ભોગ બનેલી આ કિશોરીના લગ્નવિચ્છેદ થઈ ગયા હતા, અત્યંત દયનીય હાલતમાં આર્થિક સંકડામણમાં તે જીવી રહી હોવાથી આખરે કંટાળીને પોતાની જાત મીટાવવા નીકળી પડી હતી. પોલીસની સમય સુચકતાથી કિશોરી બચી ગઈ હતી.

## વાટાઘાટો નિષ્ફળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંદોલન જોરદારરીતે આગળ વધી રહ્યું છે. વિવિધ જગ્યાઓએ દેખાવો થઈ રહ્યા છે. અનામતની માંગણીને લઈને પાટનગર ગાંધીનગરમાં દેખાવો કરવામાં આવી ચુકયા છે. અમદાવાદમાં ૨૫મી ઓગસ્ટના દિવસે સૂચિત મહારેલીનું આયોજન રિવરફ્રન્ટ ખાતે કરવામાં આવી ચુક્યુ છે. નીતિન પટેલના નેતૃત્વમાં સાત સભ્યોની પેનલે આજે વાતચીત કરી હતી. જોકે, બ્રહ્મ સમાજના લોકો આમાં જોડાયા નહીં હોવાની વિગત સપાટી પર આવી હતી. નિતિન પટેલના નેતૃત્વમાં સમિતિ દ્વારા પ્રતિનિધિઓની રજુઆતો વિસ્તારપૂર્વક સાંભળી હતી. ઓબીસી દરજ્જા અને અનામતની માંગણીને લઈને પાટીદાર સમુદાયના લોકો લડાયક મૂડમાં દેખાઈ રહ્યા છે. એસપીજીના લાલજી પટેલે ગઈકાલે કહ્યું હતું કે, સરકાર તરફથી લેખિતમાં આમંત્રણ મળ્યુ હતું. સરકાર સમક્ષ લેખિતમાં રજૂઆત કરવામાં આવશે. ૨૫મી ઓગસ્ટના દિવસે અમદાવાદમાં ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. હાર્દિક પટેલે પ્રધાનોની કમિટિની રચનાની દરખાસ્તને ફગાવી દીધી છે. ૭ સભ્યોની સમિતિ અસરકારક રહેશે નહીં તેવો મત તેમના દ્વારા વ્યક્ત કરાયો છે. તેમનું કહેવું છે કે, જે કમિટિના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ન હોય તે કમિટિને ઉચ્ચસ્તરીય કમિટિ ગણી શકાય નહીં. આ ઉપરાંત જે વિભાગો પાટીદારની માંગ સાથે સંબંધિત છે તે વિભાગોના પ્રધાનો કમિટિના સભ્યો તરીકે નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર સમુદાય દ્વારા શક્તિપ્રદર્શનનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. ગઈકાલે અમદાવાદ શહેરમાં પાટીદાર સમુદાયની સૌથી વિશાળ બાઈક રેલી યોજાઈ હતી. અનામતની માંગણી સાથે ૨૭ કિલોમીટર લાંબી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલીમાં હજારો પાટીદાર સમુદાયના લોકો જોડાયા હતા. અમદાવાદના પૂર્વના મેઘાણીનગરથી આની શરૂઆત થઈ હતી. ત્યારબાદ જુદા જુદા વિસ્તારોમાં આ રેલી પહોંચી હતી જેમાં શાહીબાગ, રાણીપ, ન્યુ રાણીપ, ચેઈનપુર, ચાંદલોડિયા, નારણપુરાનો સમાવેશ થાય છે. ૨૦૦૦થી ૫૦૦૦ જેટલા લોકો આમા જોડાયા હતા. દરમિયાન સુરતમાં પણ આજે વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા વિશાળ રેલી યોજાઈ હતી જેમાં લાખો લોકો જોડાયા હતા. ઓબીસી સ્ટેટસની માંગ કરવામાં આવી છે.

## સવા કલાક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજની આ સામાન્ય સભા નોખી એટલા માટે હતી કે ભાજપ અને કોંગ્રેસના સભ્યોએ કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર ફૂલ્યો ફાલ્યો હોવાની વાતો કરી હતી.

આ સામાન્ય સભામાં કોંગ્રેસના નેતા ચીમનભાઈ વિંઝુડાએ વ્યંગમાં કહ્યું હતું કે સફાઈમાં ૩૧૦મા ક્રમે આવ્યા છીએ ચિંતા કરશો નહિ અને સત્તાધારી પક્ષના જ સભ્યો દાળમાં કંઈક કાળુ હોવાનું કહી રહ્યા છે તેથી કંઈક કાળુ જરૂર છે.

આ સામાન્ય સભામાં આજે શોકદર્શક ઠરાવ રજુ કર્યા પહેલાં પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. એ.પી.જે. અબ્દુલકલામને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પછી ઠરાવ મેયરે રજુ કર્યો હતો.

આ સભામાં પૂર્વ ચેરમેન સ્ટેન્ડીંગ કમિટીના શ્રી પ્રવિણ પટેલે કમિશનરની દરખાસ્તોમાં શું ભલામણ છે તે વાંચી બતાવવાની માંગ કરી હતી.

## ક્યાંક ખોટુ ચાલે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે વિકાસ નકશાની કામગીરી માટે આઉટ સોર્સિંગથી ભરતી થયેલા અધિકારીને નહિ પણ કોર્પોરેશનના અધિકારીને જ સત્તા આપવી જોઈએ.

આ સામાન્યસભામાં કોંગ્રેસના હર્ષજીત પંડ્યાએ ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે પેવર બ્લોકની કામગીરીમાં બિલો ટેન્ડર આવ્યુ સારી વાત છે પણ કચરો એજન્સી નહિ કોર્પોરેશન ઉઠાવશે આ કલમ રદ કરો. સફાઈની કામગીરી પણ એક સત્તાધારી પક્ષ સાથે સંકળાયેલ વ્યક્તીને ત્રણ માસ માટે આપવાની કામગીરીમાં પણ ખોટુ થયાની ગંધ આવી રહી હોવાનું જણાવ્યું હતું.

સામાન્ય સભામાં ચાલી રહેલી આક્ષેપબાજીનું સમાપન કરતાં કોંગીના શ્રી ચીમન વિંઝુડાએ જણાવ્યું હતુ કે સાહેબ દાળમાં કંઈક કાળુ છે તેવું સત્તાધારી પક્ષના સભ્યો જ કહી રહ્યા છે વિચોરા એમના ત્યાં જ આટલો વિરોધ છે એટલે અમારી વિપક્ષની વાત પણ સાંભળો અને તપાસ કરાવો.

આજની સામાન્યસભામાં સફાઈ કામદારોની ભરતી કોર્પોરેશન દ્વારા સીધી કેમ કરવામાં આવી રહી છે તે સામે પણ કોંગી કાઉન્સીલરોએ શંકાની સોય તાણી હતી.

## સોલાર લાઈટો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટ્યુબલાઈટ જેટલો જ પ્રકાશ પ્રાપ્ત થાય છે. વિજ્ઞાન અને ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોમાં ઝડપથી બદલાવ આવી રહ્યો છે તે સમજવો અને જાણવો જોઈએ.

ભાજપના શ્રી સંદીપ જ્યોતિકરે આ મુદ્દે રજુઆત કરતાં જણાવ્યું હતં કે મરામત અને જાળવણીના મુદ્દે લોકો પર આર્થિક બોજો ના આવે તે જોવાની ફરજ તંત્રની છે. તેમની જાણકારી મુજબ બેટરી સમયસર બદલવામાં આવી નથી અને આજે એક હજાર લાઈટો બંધ પડી છે જેને રિચાર્જીંગ અને બેટરી બદલવાનો ખર્ચ એક કરોડથી પણ વધી જાય છે. જે માટે તંત્રએ હવે તે દિશામાં વિચારવું જોઈએ.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીએ જણાવ્યું હતું કે નવા ટેન્ડરો નિયંત્રિત થઈ ચુક્યા છે અને તેના ભાવ પણ ખુલવામાં છે. ટેકનીકલ બીડ સંપન્ન થઈ ચુક્યુ છે. યોગ્ય કાર્યવાહી સત્વરે કરવામાં આવશે.

મેયરશ્રીએ અન્ય ટેન્ડરોની જે પ્રક્રિયા હાથ પર છે તેની વિગતો આપી સભ્યોને સંતોષકારક જવાબ આપવાનો પ્રયાસ કરી સભ્યોને શાંત રહેવા જણાવ્યું હતું.

દરમ્યાન પ્રાપ્ત થતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ૧૮ વોલ્ટેજની સોલાર લાઈટના સ્થાને ૮ વોલ્ટેજની સોલાર લાઈટના ટેન્ડરોના ભાવ આજે સાંજે ખુલી ગયા હતા અને ભાવ રૂ. ૧૨ હજાર જેટલો આવ્યો હોવાનું જાણવા મળેલ છે. જે ૧૮ વોલ્ટેજની લાઈટ સામે રૂ. નવ હજાર જેટલો ઓછો હોવાનું મનાઈ રહ્યું છે.


## કંપની સમાચાર

### રિલાયન્સના અનલિમિટેડ ઈન્ટરનેટ કોલવાળા ૩ પ્લાન લોન્ચ

મોબાઈલ ધારકોને મોબાઈલ સિમકાર્ડ ઈન્ટરનેટ માટે મહિનામાં વારંવાર રિચાર્જ કરાવવામાં મુક્તિ આપવા ગ્રાહકોને પોષાય તેવા અનલિમિટેડ ઉપયોગ માટે દેશમાં સૌ પ્રથમ ગુજરાતમાં ૩ પ્લાન રિલાયન્સ કોમ્યુનીકેશને જાહેર કર્યો હતો. જેમાં માસિક રૂપિયા ૯૭, ૧૪૭ અને ૧૯૭ વાળા અનલિમિટેડ ઈન્ટરનેટ તથા ૧ મિનિટમાં ૨૫ કે ૩૦ પૈસા વાળા પ્લાનનો સમાવેશ થાય છે. રિલાયન્સના કોમ્યુનિકેશનના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર ગુરૂદિપસિંઘના જણાવ્યા પ્રમાણે ગુજરાતના ગ્રાહકો સાથે ચર્ચા કર્યા બાદ ઊંડા સંશોધન પછી આ પ્લાન બનાવવામાં આવ્યા છે.

### મોબાઈલ રિપેરિંગ માટે ક્લિક-ઈ સેવાનો પ્રારંભ

તમારો મોબાઈલ બગડી ગયો છે ? નો પ્રોબ્લેમ. એક ફોન કરો તમારા ઘરેથી ક્લિક-ઈ સર્વિસનો માણસ આવી જશે અને તમને વાપરવા બીજો મોબાઈલ આપી તમારા દેખતા જ ખાસ પ્રકારના બોક્સમાં મુકી તમારો મોબાઈલ લઈ જશે.

ઈ સર્વિસીઝ પ્રાઈવેટ લિ.ની ટેકનોલોજી કંપનીના ડિરેક્ટર અરૂણ હટંગડીના જણાવ્યા મુજબ કંપનીએ નક્કી કરેલા ઉપરોક્ત દર ઉપરાંત કંપની ગ્રાહક પાસેથી કોઈ વધારાનો ચાર્જ વસુલ નહી કરે. માત્ર સ્ક્રીન તુટી ગયો હશે તો તેનો જ ચાર્જ કંપની વસુલ કરશે.

### સ્પીયરહોટની આક્રમક વૃદ્ધિનું લક્ષ્યાંક હોમ સોલ્યુશનન્સની વિસ્તૃત શ્રેણી રજૂ કરી

વિવિધ દશકાઓથી તેની પ્રોડક્ટ કેટેગરીઓમાં બજાર નેતૃત્વ ધરાવતી અને ક્વોલિટી પ્રોડક્સ્ટ માટે જાણીતી એવી સ્પીયરહોટે આજે વિવિધ નવી હોમ સોલ્યુશન્સ પ્રોડક્ટ્સની રજૂઆત કરી છે. આ રજૂઆતનો હેતુ તે જે કેટેગરી સૌથી માનનીય બ્રાન્ડ બનાવવાનો છે.

૧૯૩૦માં શરૂ થયેલી સ્પીયરહોટ પ્રથમ બ્રાન્ડ છે, કે જેણે ભારતમાં ઈલેક્ટ્રીક વોટર હીટર્સનાં ઉત્પાદનની શરૂઆત કરી હતી. સ્પીયરહોટ એપ્લાયન્સ ઉદ્યોગમાં ઘણી પ્રથમ રજૂઆતનું પણ શ્રેય ધરાવે છે, જેમાં ગેસ વોટર હીટર્સ, લાઈટ ઈલેક્ટ્રીક ઈસ્ત્રીઓ અને અન્ય એપ્લાયન્સીસનો સમાવેશ થાય છે.



**દહેગામ નગરપાલિકા જી. ગાંધીનગર**

**ટેન્ડર નિવિદા**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, દહેગામ નગરપાલિકા વિસ્તારમાં નીચે જણાવેલ કામો સારૂ તા. ૨૫-૮-૨૦૧૫ સુધી રજી. પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલબંધ કરવરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | ફી |
| --- | --- | --- |
| | એમ.પી. જોગવાઈ વર્ષ ૨૦૧૧-૧૨ | |
| ૧. | દહેગામ શહેરમાં આવેલ કબ્રસ્તાનમાં પીવાના પાણીની ટાંકી તથા ઓરડી બનાવવાનું કામ. | ૫૫૦ |

ઉપરોક્ત કામના કોરા ટેન્ડર ફોર્મ તા. ૨૧/૮/૨૦૧૫ સુધીમાં ઓફીસ સમય દરમિયાન અરજી સાથે જરૂરી રજીસ્ટ્રેશન, પાન કાર્ડ, અનુભવ સર્ટીફિકેટ, બેન્ક સોલવંશી, ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફિકેટની નકલ તથા ટેન્ડર ફી જમા કરાવેથી ટેન્ડર કોપી આપવામાં આવશે. કામની અર્નેસ્ટમની ડીપોઝીટ રાષ્ટ્રીયકૃત બેન્કની એફડીઆર ટેન્ડર સાથે બીડવાની રહેશે. કવર ઉપર કામની વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. કોઈપણ કારણ આપ્યા સિવાય ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો અધિકાર દહેગામ નગરપાલિકા અબાધિત રાખે છે.

તા. ૧૭/૮/૨૦૧૫

| સહી/- | સહી/- | સહી/- |
| --- | --- | --- |
| હિરલ ઠાકર | હિતેન્દ્રકુમાર મકવાણા | નિખીલભાઈ રબારી |
| ચીફ ઓફિસર | ઉપપ્રમુખ | પ્રમુખ |

માહિતી/૧૧૯૫/૨૦૧૫-૧૬



**MOTOR ACCIDENT CLAIMS JURISDICTION, MUMBAI**
**(Notice Under Section 260 (1) of Maharashtra Motor Vehicle Act-1989)**
**MACT APPLICATION NO. 1442/14**

Shri. Sanjay Baijnath Sonar ...Applicant
V/s
Shri Isaq Jamal Patani ..Opp. Party
And
The New India Assurance Co. Ltd.
Insurer

To,
Shri Isaq Jamal Patani
Add : AT. S.T.N. Road, Modesa, Chhota Udaipur, Baroda Sarkar Complex,
Baroda District–Vadodara,
Gujarat State-390007

To,
Please take notice that the learned Advocate for the Applicant have lodged Application against you to claim compensation Under Section 166 & 140 A of Motor Vehicle Act – 1988 regarding the mentioned accident Under Section 165 clause (1) of Motor Vehicle Act 1988. Therefore you should remain present in Court No. 6 on 15-9-2015 at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.
If you will fail to remain present on above mention date then this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared one sided judgment kindly note this.
This Notice issued today on 31.7.2015 with my signature and seal of the Judiciary Court.

Seal

By Order
For Administrator
M.A.C. Jurisdiction, Mumbai
9, H.S. Mumbai – 400 001. Mbai.